## પ્રશ્નાવલિ પદ્ધતિ

**[1] પ્રાસ્તાવિક**

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાન્ય રીતે વ્યક્તિનાં મનોવલણો અને પૂર્વગ્રહો, વ્યક્તિત્વનાં લક્ષણો, લોકમત, વ્યક્તિની માન્યતાઓ અને અભિપ્રાયો તેમજ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે પ્રશ્નાવલિ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

**[૨] પ્રશ્નાવલિ પદ્ધતિનો અર્થ અને સ્વરૂપ**

**પ્રશ્નાવલિનો અર્થ :**

**“પ્રશ્નાવલિ એટલે કોઈ ઉદ્દેશ માટે ચોકસાઈપૂર્વક તૈયાર કરેલા પ્રશ્નો સમૂહ.”**

પ્રશ્નાવલિમાં ચોક્કસ સમસ્યા વિશે ચોકસાઈપૂર્વક તૈયાર કરેલા પ્રશ્નો લેખિત (પ્રશ્નોના પ્રકારો) : સ્વરૂપમાં વ્યક્તિઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે અને તેના ઉત્તરો પણ લેખિત સ્વરૂપમાં જ આપવાના હોય છે.

પ્રશ્નાવલિમાં પૂછવામાં આવતા પ્રશ્નો મુખ્યત્વે બે પ્રકારના હોય છેઃ

**(1) પસંદગીયુક્ત પ્રશ્નો :** આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરોની પસંદગી કરવાની હોય છે.

તેની મુખ્ય બે રીતો છે (I) ‘હા' કે 'ના' સ્વરૂપના પ્રશ્નોમાં વ્યક્તિએ માત્ર 'હા' કે 'ના'માં જ ઉત્તર આપવાના હોય છે. જેમકે તમે સંતતિનિયમનમાં માનો છો ? હા કે ના (2) વિકલ્પયુક્ત પ્રશ્નોનાં ઉત્તર સ્વરૂપે આપેલા વિકલ્પોમાંથી કોઈ એક જ વિકલ્પની પસંદગી કરવાની હોય છે. જેમકે –

જ્ઞાતિપ્રથા – * ચાલુ રાખવી જોઈએ.

* તેમાં ફેરફાર કરવા એઈએ,

* તે દૂર થવી જોઈએ.

**(2) મુક્ત પ્રશ્નો** : આ પ્રશ્નોના વ્યક્તિએ પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્તરે આપવાના હોય છે. જેમકે સંતતિનિયમન અંગે તમે શું માનો છો ? છૂટાછેડા અંગે તમે શું માનો છો ?

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે પસંદગીયુક્ત પ્રશ્નો જ પૂછવામાં આવે છે, કારણ કે આ પ્રશ્નોના ઉત્તરોનું સહેલાઈથી વર્ગીકરણ કરી શકાય છે તેમજ પરિણામોને આંકડાશાસ્ત્રીય

**પ્રશ્નાવલિનું સ્વરૂપ :**

પ્રશ્નાવલિમાં મુખ્યત્વે નીચેની લાક્ષણિકતાઓ હોવી જોઈએ:

(I) પ્રશ્નો. સમસ્યા ઉપર આધારિત હોવા જોઈએ. (2) પ્રશ્નો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ.

(3) પ્રશ્નોની ભાષા સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ. (4) પ્રશ્નાવલિમાં બને તેટલા ઓછા પ્રશ્નોનો સમાવેશ કરવો જોઈએ.

(5) પ્રશ્નાવલિની સૂચના સરળ, સ્પષ્ટ અને સંજ્ઞારહિત હોવી જોઈએ.

પ્રશ્નાવલિ પદ્ધતિનો ઇતિહાસ) ફ્રાન્સિસ ગાલ્ટને સૌપ્રથમ વ્યવસ્થિત પ્રશ્નાવલિ તૈયાર કરી. ત્યાર પછી સ્ટેનલી હોલ, કાર્ટ્સ અને ઓલપોર્ટે પ્રશ્નાવલિ પદ્ધતિનો ઉપયોગ કર્યો. આધુનિક સમયમાં આ પદ્ધતિનો ખૂબ જ વ્યાપકપણે ઉપયોગ થાય છે.

નમૂના(નિદર્શ)ની રીતનો ઉપયોગ: આ પદ્ધતિ દ્વારા કોઈ સમસ્યા પરત્વે સમગ્ર સમુદાયનાં વલણો કે અભિપ્રાયો જાણવા હોય તો સમુદાયની બધી જ વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપવી પડે, પરંતુ આ શક્ય નથી અને શક્ય હોય તોપણ સમય અને શક્તિની દૃષ્ટિએ ખચાળ છે. તેથી મનોવૈજ્ઞાનિકો નમૂનાની પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. સમગ્ર સમુદાયમાંથી પ્રતિનિધિરૂપ એવી કેટલીક વ્યક્તિઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવે છે.

આ નમૂનાની વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપી, તેમની પાસેથી પ્રાપ્ત કરવામાં આવે છે. આ ઉત્તરોને આધારે જે નિરાકરણો તારવવામાં આવે તે નિરાકરણો સમગ્ર સમુદાયને લાગુ પાડવામાં આવે છે.

આમ, પ્રશ્નાવલી પદ્ધતિમાં પ્રશ્નાવલિની રચના અને નમૂનાની પસંદગી એ બે બાબતો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

**આશ્ચર્યકારક પરિણામો** પ્રશ્નાવલિ પદ્ધતિ દ્વારા ક્યારેક આશ્ચર્યકારક પરિણામો પણ પ્રાપ્ત થાય છે. કેન્દ્રિલે તેના એક સંશોધનમાં અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના પ્રમુખની ચૂંટણી અંગે આગાહી કરવા માટે 40 લાખ મતદારોમાંથી માત્ર 290 મતદારોને નમૂના તરીકે પસંદ કર્યા. તેઓને પ્રશ્નાવલિ આપવામાં આવી. તેમના ઉત્તરોને આધારે ચૂંટણીમાં કોણ જીતશે તે અંગે આગાહી કરવામાં આવી અને આશ્ચર્યકારક રીતે આ આગાહી સાચી પડી હતી.

**પ્રશ્નાવલિના ફાયદાઓ અને મર્યાદાઓ**

**ફાયદાઓ** : પ્રશ્નાવલિ પતિ દ્વારા એકસાથે અનેક વ્યક્તિઓનો અભ્યાસ થઈ શકે છે. આ દૃષ્ટિએ આ પદ્ધતિ સમય અને શક્તિની દૃષ્ટિએ કરકસરયુક્ત પતિ છે.

**મર્યાદાઓ :** પ્રશ્નાવલિ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે છેઃ

(1) કેટલીક વાર પ્રશ્નો સમજાય તેવા ન હોય તો પ્રશ્નોના ખોટા જવાબો પ્રાપ્ત થાય છે.

(2) કેટલીક વાર વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરો આપવા ખાતર આપતા હોય છે.

(3) કેટલીક વ્યક્તિઓ પ્રશ્નોના સાચા ઉત્તરોને બદલે સારા ઉત્તરો આપે છે.

પ્રશ્નાવલિ પદ્ધતિની ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં પણ આ પદ્ધતિનો આધુનિક સમયમાં